ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૨.૧૨.૨૦૧૭

---------------------

## આજરોજ ૨ ડીસેમ્બર ૨૦૧૭ના દિવસે ચૂંટણી કમિશન સાથેની મીટીંગમાં રજુ કરાયેલ મુદ્દાઓ

---------------------

ભારતના ચૂંટણી કમિશન દ્વારા ગુજરાત રાજ્યમાં નિષ્પક્ષ અને નિર્ભર રીતે ચૂંટણી યોજવામાં આવે તે માટેના સતત પ્રયત્નો ભાજપા સમર્થન અને સ્વાગત કરે છે.

મુદ્દાઓઃ

૧. ચૂંટણી કમિશનની ગાઇડ લાઇન મુજબ હેલિકોપ્ટર લેન્ડિંગ માટેની પરમીશનના ૭૨ કલાક પહેલા લેવાની થાય છે, પરંતુ હવે પ્રચાર પુરજોશમાં ચાલુ હોવાથી આ સમય બહુ વધારે પડતો લાંબો હોવાને લીધે તે સમયમર્યાદા ૭૨ કલાકને બદલે ઓછી કરવી એવી વિનવણી કરેલ છે.

૨. જામનગરના નિરિક્ષક દ્વારા હોર્ડિંગ્સ અને ફ્લેગ લગાવવાના મુદ્દે અકારણ મુશ્કેલીઓ ઉભી કરવાનો પક્ષના ધ્યાનમાં આવ્યું છે, જેથી ચૂંટણી કમિશનને જામનગરના નિરિક્ષકને આ અંગે યોગ્ય સૂચનાઓ આપવાની વિનંતી કરવામાં આવેલ છે.

૩. ચૂંટણી કમિશન દ્વારા ચૂંટણી રિટર્નીંગ અધિકારીને સૂચનાઓ આપવામાં આવે છે પરંતુ, ઘણે ઠેકાણે રિટર્નીંગ અધિકારીઓ દ્વારા એમના પોતાના મતલબો કાઢવામાં આવતા હોવાથી ઘણી મુશ્કેલીઓ અને ગેરસમજણો ઉભી થવાની સંભાવનાઓ રહે છે એ અંગે પણ યોગ્ય પગલાં લેવાની નમ્ર વિનંતી કરેલ છે.

૪. ભૂતકાળની ચૂંટણીઓમાં કેટલાક ઠેકાણે પોલીંગ એજન્ટ અને કાઉન્ટંગ એજન્ટના પોલીસ ક્લિયરન્સ લેવાનું જણાવેલ હોવાનું અમારા ધ્યાન પર આવતા અમને ચૂંટણી કમિશનને એવી વિનંતી કરેલ છે કે, આવા કોઇ ક્લિયરન્સની જરૂરીયાત ન હોવાનું એમના દ્વારા જે-તે અધિકારીઓ દ્વારા સૂચિત કરવામાં આવે.

૫. ચૂંટણી દરમ્યાન નાણાંનો દુરૂપયોગ ન થાય એ માટે ચૂંટણી કમિશન દ્વારા સ્ટેકટીક સર્વેલન્સ ટીમોને આપેલી સૂચનાઓનું અમે સ્વાગત કરએ છીએ પરંતુ એમ કરવા જતાં, સામાન્ય માણસો અને નાના-મોટા વ્યાપારીને કોઇ તકલીફ ન આપવામાં આવે તેવી વિનંતી પણ અમારા દ્વારા ચૂંટણી કમિશનને કરવામાં આવેલ છે.

૬. ભાજપા દ્વારા રાજ્યના કેટલાક સંવેદનશીલ બુથ પર કડક નિગરાની રાખવાની ચૂંટણી કમિશનને વિનંતી કરાયેલ છે, ઉપરાંત આવા કેટલાક સંવેદનશીલ બુથોની યાદી પણ ચૂંટણી કમિશનને સોંપવામાં આવેલ છે અને અમારા ધ્યાનમાં આવેલ બીજા કેટલાક બુથની યાદી પણ સત્વરે સુપરત કરવામાં આવશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



૭. રાજ્યના ઘણાં વિદ્યાર્થીઓ અને સરકારી કર્મચારીઓ કે જેમને મતદાન કરવાનો અધિકાર એમના મૂળ સરનામા પર હોય છે પરંતુ ગુજરાતના ઘણાં એવા વિદ્યાર્થીઓ અને સરકારી કર્મચારીઓ છે કે જેઓ પરીક્ષા અથવા નોકરીના ભાગરૂપે, ચૂંટણીના દિવસે, પોતાના મૂળ મતદાન મથકથી ઘણા લાંબા અંતરે કાર્યરત હોય છે. મતદાન એ નાગરિકનું મૂળભૂત અધિકાર હોવાથી આવા મતદાતાઓને પોસ્ટલ બેલેટ અથવા અન્ય કોઇરીતે તેઓ મતદાન કરી શકે એ માટેની વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાની પણ ચૂંટણી કમિશનને નમ્ર વિનંતી કરવામાં આવેલ છે.

૮. ચૂંટણી કમિશન દ્વારા મીડિયા સર્ટીફિકેશન અને મોનીટરીંગ કમિટિ દ્વારા કરવામાં આવેલ કામોની અમે ભાજપા તરફથી પ્રશસ્તી કરીએ છીએ.

૯. સ્ટાર પ્રચારક માટેના વાહનની મંજુરીનું પ્રોવીઝન છે, પરંતુ ઘણીવાર સ્ટાર પ્રચારક એકજ દિવસમાં ઘણા શહેરો, જીલ્લાઓ અથવા વિસ્તારો અથવા જુદા-જુદા સ્ટાર પ્રચારકો જુદા-જુદા મથકોની મુલાકાતો લેતા હોવાને લીધે એમના માટે ગોઠવવામાં આવનાર વાહનોની વિગતોમાં છેલ્લી ઘડીએ ફેરફારની સંભાવનાઓ રહેલી હોવાને લીધે તે અંગેની વિગતોની આગોતરી જાણ કરવાની બાબતે ઘણી મુશ્કેલીઓ પડી રહી છે. આથી આ પ્રકારના કિસ્સાઓમાં આવી કોઇ મુશ્કેઓ ન પડે તે પ્રકારની વ્યવસ્થા રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનને કરવામાં આવી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ